પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, છેવાડાના માનવી સુધી વિકાસનો પ્રકાશ પહોંચે તેવી સરકારની પ્રાથમિકતા.**
2. **દેશની સાથે સાથે રાજ્યમાં પણ 26 નવેમ્બરે સંવિધાન ગૌરવ દિવસ ઉજવાશે.**
3. **ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાની ઉપસ્થિતીમાં સંવિધાન દિવસની થીમ પર ફિટ ઇન્ડિયા સાયકલિંગ કાર્યક્રમ.**
4. **કચ્છના ખાવડા પાસે સર્જાયેલા અકસ્માતમાં સાતના મોત.**
5. **આજથી બે દિવસ દરમિયાન તાપમાન વધવાની આગાહી.**
6. **વેલિંગ્ટન ટેસ્ટમાં ભારતે 300થી વધુ રનની ન્યુઝીલેન્ડ પર સરસાઇ મેળવી.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

CM – AHMEDABAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં માતા અમૃતાનંદમયી - અમ્માની ઉપસ્થિતિમાં આયોજિત સત્સંગ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે કહ્યું, વિકસિત ભારતનો અર્થ માત્ર સશક્ત અર્થતંત્ર, વિશાળ માળખાકીય સુવિધાઓ અને વૈશ્વિક સ્તરે પ્રગતિ જ નહીં પણ સમાજના છેવાડાના લોકોના જીવનમાં પ્રકાશ પથરાય તે પણ જરૂરી છે.

તેમણે કહ્યું, ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ લઈને આજે દેશના 50 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

(BYTE – CM BHUPENDRA PATEL)

(આદરણીય નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જાહેર સેવા અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણની આ યાત્રા હમણાં જ પૂરી થઈ છે. તેમણે પણ માનવ સેવા અને અંત્યોદય કલ્યાણ કેન્દ્રિત સુશાસન આપ્યું છે. સમગ્ર દેશમાં ગરીબો, વંચિતો, મહિલાઓ, ખેડૂત અને યુવાનોના જીવનમાં પરિવર્તન માટે અનેક પહેલ થઈ છે. દેશમાં ૫૦ કરોડ લોકો ગરીબ કલ્યાણલક્ષી યોજનાના લાભ લઈને ગરીબીમાંથી બહાર પણ આવ્યા છે.)

DAHOD – RAMNATH LACK

દાહોદના ગરબાડાના ઐતિહાસિક રામનાથ તળાવનું સૌંદર્યીકરણ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લાની મુલાકાત દરમિયાન રામનાથ તળાવની મુલાકાત લઈ તેના સર્વાંગી વિકાસની આપેલી સૂચનાના ગણતરીના કલાકોમાં જ સફાઈ કામગીરી શરૂ કરાઇ છે.

વડોદરા મનપાના એક્વાટિક વીડ હાર્વેસ્ટર મશીનથી તળાવની સફાઈની શરૂઆત થઈ છે. પ્રથમ તબક્કામાં તળાવની ફરતે જામી ગયેલા જળચર વનસ્પતિ અને કચરાની સફાઈ હાથ ધરાઈ હતી.

MODHVADIYA BABA SAHEB

આગામી 26 નવેમ્બરને સંવિધાન ગૌરવ દિવસ તરીકે સમગ્ર દેશ સહિત રાજ્યમાં પણ ઉજવવામાં આવશે. બાબાસાહેબના સમાનતા, બંધુતા, ન્યાય સિદ્ધાંત દ્વારા લોકકલ્યાણને આગળ વધારવાનું કામ સરકાર કરી રહી છે. તેમ વન અને પર્યાવરણ મંત્રી અર્જૂન મોઢવાડિયાએ કહ્યું હતું.

(BYTE - ARJUN MODHWADIA)

(આપણે બાબાસાહેબના જીવન સાથે સંકળાયેલા જે પાંચ સ્થળો છે, એને પંચતીર્થ તરીકે વિકસાવીને એના દ્વારા બાબાસાહેબના વિચારોને લોકો સુધી પહોંચાડવાનું કામ કર્યું છે. આ પાંચ જે તીર્થસ્થળો છે એમાં બાબાસાહેબનું જન્મસ્થળ મહુ, બાબાસાહેબનું જે લંડન સ્થિત જે મકાનમાં રહીને ભણ્યા હતા એને શિક્ષણભૂમિ તરીકે, નાગપુરની દીક્ષાભૂમિ, દિલ્હીની અંદર જ્યાં એમનું મહાનિર્વાણ થયું એ દિલ્હીના ૨૬ અલીપુર માર્ગ ખાતે આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટર અને મુંબઈની ચૈત્યભૂમિને વિકસાવવાનું નક્કી કર્યું છે અને આજે એ સ્થળો વિકસી ચૂક્યા છે.)

FIT INDIA CYCLING

ગાંધીનગર ખાતે 'ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' અંતર્ગત આજે સવારે દાંડી કુટીર ખાતેથી સાયકલિંગ કાર્યક્રમયોજાઇ રહ્યો છે.. બંધારણ દિવસ'ની થીમ પર 99મા સાયકલિંગ કાર્યક્રમનું આયોજન કરાયું છે.. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિતમાં આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે.. રમતગમત અને ફિટનેસ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી કાર્યક્રમનું આયોજન કરાયું છે.. દેશભરમાં યોજાતી ફિટ ઇન્ડિયા મુવમેન્ટ અંતર્ગત ગાંધીનગરમાં આ કાર્યક્રમનું વિશેષ આયોજન કરાયું છે.

KACHCH ACCIDENT

કચ્છમાં ખાવડા માર્ગે ગઈકાલે રાત્રે સર્જયેલા અકસ્માતના સાતના મોત થયાના અહેવાલ છે. અમારા જિલ્લા પ્રતિનિધિ જણાવે છે કે ભુજથી ખાવડા માર્ગ ઉપર વેકરિયા રણ વિસ્તારમાં ધોરીમાર્ગ પર સફેદ રણ અને ધોરડોના પ્રવાસે આવેલા પ્રવાસીઓની કાર ટ્રેઇલર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ બાળક સહિત સાતના મોત થયા હતા. મૃતદેહોને હોસ્પિટલ ખસેડવા સહિત પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં કાર ચાલકે ભારે ઝડપી ગતિએ ઓવરટેક કરવાનો પ્રયાસ કરતા અકસ્માત સર્જાયાનુ સામે આવ્યું છે.

SONGADH NEW BUS

તાપીના સોનગઢ ખાતેથી રાજ્યમંત્રી ડૉ.જયરામ ગામીતે બે નવી સ્લીપરકોચ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. મુસાફરોને વધુ સુવિધાયુક્ત અને આરામદાયક પરિવહન સેવા મળી રહે તે હેતુથી સુરત વિભાગના એસ.ટી. ડેપો દ્વારા ઉકાઈથી ભાવનગર અને ભાવનગરથી ઉકાઈ વચ્ચે આ બસ સેવા શરૂ કરવામાં આવી છે.

SURAT – FRUAD

સુરતમાં ભેસ્તાન પોલીસે મેવાત સ્થિત સાયબર ફ્રોડ સિન્ડિકેટના ચાર સભ્યોની ધરપકડ કરી. ACP સુનિલ તારડે જણાવ્યુ કે, પોલીસે 15 મોબાઇલ ફોન સહિત 4.47 લાખ રોકડા જપ્ત કર્યા છે.

(BYTE - SUNIL TARDE - ACP J DIVISION)

(ભેસ્તાન પોલીસને માહિતી મળી હતી કે સાયબર ફ્રોડના જે હોટસ્પોટ છે, ત્યાંના કેટલાક લોકો અહીં આવીને રહી રહ્યા છે અને અહીંના સ્થાનિક લોકોનો સંપર્ક કરીને તેમની પાસેથી બેંક ડિટેલ, મોબાઈલ નંબર લઈને બેંક ડિટેલ મેવાતમાં તેમના જે કિંગપિન છે તેમને પહોંચાડવામાં આવી રહી છે. આ રીતે આખું સિન્ડિકેટ અહીં ચલાવવામાં આવી રહ્યું છે તેવી માહિતી મળી હતી. ત્યાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આગળની તપાસ હજુ પોલીસ કસ્ટડી રિમાન્ડ લઈને આગળની તપાસ ચાલુ રાખી છે.)

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

ડેસ્ક

FRIENDSHIP CEREMONY

ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર આજે નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે આ રાજ્યવ્યાપી કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.પ્રધાનમંત્રી મોદી વિડિયો કોનફેરન્સિંગ ના માધ્યમથી દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમમાં સામેલ થશે

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરશે.તમામ વિધાનસભા બેઠકો પર સ્થાનિક મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યો હાજર રહેશે.

WEATHER

રાજ્યમાં આજથી તાપમાનમાં 2-4 ડિગ્રીનો વધારો થવાની શકયતા છે. પશ્ચિમી વિક્ષેપને કારણે રાજ્યમાં તાપમાનમાં વધારો થશે. આ દરમિયાન રાજ્યમાં ન્યૂનતમ તાપમાન **17-18** ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શકયતા છે. છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું તાપમાન અમરેલીમાં **11.4** ડિગ્રી નોંધાયું હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રમાશ્રય યાદવે જણાવ્યુ હતું.

(BYTE-RAMASHRAYA YADAV-SCIENTIST-METEOROLOGICAL DEPARTMENT)

(अहमदाबाद का जो मिनिमम टेंपरेचर रियलाइज हुआ है, वो 16 डिग्री सेल्सियस और सबसे कम पूरे गुजरात स्टेट में जो मिनिमम टेंपरेचर रियलाइज हुआ है, वो है अमरेली 11.4 डिग्री सेल्सियस। उसके बाद 11.8 डिग्री सेल्सियस नलिया में रियलाइज हुआ है। और अहमदाबाद के लिए जो मिनिमम टेंपरेचर का फोरकास्ट है, वो 17 डिग्री सेल्सियस के आसपास रहने का पूर्वानुमान है।)

TULSI MARRIAGE

રાજયભરમાં વિવિધ સ્થળોએ દેવ ઉઠીએકાદશી નિમિતે તુલસી વિવાહ યોજાયા. જે અંતર્ગત યાત્રાધામ શામળાજી ખાતે લાલજીભગવાનને બગીમાં બિરાજમાન કરી વાજતે ગાજતે વરઘોડો કાઢવામાં આવ્યો અને મંદિર પરિસરમાં ભગવાનનો લગ્નોત્સવ યોજાયો. આ પ્રસંગે મંત્રી પીસી બરંડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

(BYTE: P.C. BARANDA, MINISTER)

(આખા વર્લ્ડની અંદર શામળિયા ભગવાનનું હેરિટેજ તરીકે સ્થાન મળ્યું છે. તમામે તમામ ભગવાન શામળિયાની કૃપા કરે, તમામે તમામ નાગરિક સુખમય અને શાંતિમય રહે. તુલસી વિવાહ થઈ રહ્યો છે ત્યારે તમામ નાગરિકો, ભાઈઓ અને બહેનોને હું શુભેચ્છા પાઠવું છું.)

સોમનાથ ટ્રસ્ટ આયોજિત શ્રી વિષ્ણુ-વૃંદા તુલસી વિવાહ મહોત્સવના પ્રથમ દિવસે ગોલોકધામ તીર્થ ખાતે ભગવાન વિષ્ણુ અને વૃંદાદેવીના વિવાહની કંકોત્રી લેખનવિધિ સંપન્ન થઈ હતી.

CRICKET

ભારતે વેલિંગ્ટન ટેસ્ટમાં ચોથા દિવસના લંચ બ્રેક સમય બાદ **352** રનની સરસાઇ મેળવીને દાવ પૂરો થયેલો જાહેર કર્યો છે ભારતે ન્યુઝીલેન્ડના **368** રન સામે ભારતે નવ વિકેટે **720** રન સાથે દાવ ડિકલેર કર્યો હતો.. આ અગાઉ ભારત તરફથી ચોથા દિવસે ઋષભ પંતે **128** રન કર્યા હતા જ્યારે ધ્રુવ જુરેલે **78** રન કર્યા હતા. અગાઉ ભારત તરફથી કે એલ રાહુલે **136,** કેપ્ટન ગીલે **98** અને યશશ્વિ જયસ્વાલે **85** અને પેડિક્કલે **80** રન કર્યા હતા.. ન્યુઝીલેન્ડ તરફથી ફિલિપે ત્રણ અને રચિન રવિન્દ્રને બે વિકેટ ઝડપી હતી.

JAMNAGAR ITRA – CMA

ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ, જામનગર ખાતે 16 થી 21 નવેમ્બર દરમિયાન છ-દિવસીય રાષ્ટ્રીય કંટીન્યુઇંગ મેડિકલ એજ્યુકેશન કાર્યક્રમો યોજાયા. જેમાં 13 રાજ્યોના 90 આયુર્વેદ ફેકલ્ટી અને પ્રતિષ્ઠિત સંસ્થાઓના આશરે 45 નિષ્ણાતો સહભાગી થયા.

આ કાર્યક્રમોમાં નિદાન ક્ષમતાઓ, ક્લિનિકલ કૌશલ્યો અને શિક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવવા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં નાડી પરીક્ષણ, આધુનિક શિક્ષણ પદ્ધતિઓ, ક્લિનિકલ નિદાન અને અદ્યતન પ્રયોગશાળા તપાસ, વિષયો આવરી લેવામાં આવ્યા હતા.

SENA DHVAJ DIVAS - RAJKOT

સશસ્ત્ર સેના ધ્વજ દિવસ' નિમિત્તે ભંડોળ એકત્રીકરણમાં સમગ્ર રાજ્યમાં રાજકોટ જિલ્લાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જિલ્લામાં 90 લાખ જેટલું ભંડોળ સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીમાં અપાયું છે. જીલ્લામાં 50 હજારથી વધુની રકમનો ફાળો આપનારા 29 દાતાઓનું સન્માન કરાયું હતું. આ વખતે તંત્ર અને સમાજના પ્રયાસોથી લક્ષ્યાંક કરતાં ત્રણ ગણો વધુ ફાળો એકત્ર થયો છે.

AMR AWERNESS WEEK

એન્ટિબાયોટિક્સના યોગ્ય ઉપયોગ અને એન્ટિમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ સામે સમાજમાં જાગૃતિ લાવવાના હેતુસર, 'વર્લ્ડ **AMR** અવેરનેસ વીક - **2026**' ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ અને બી.જે. મેડિકલ કોલેજ ખાતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલીમાં સિવિલ હોસ્પિટલના કર્મચારીઓ અને નોન-ક્લિનિકલ વિભાગના વડાઓ, તબીબી સ્ટાફ, નર્સિંગ અધિક્ષક, નર્સિંગ સ્ટાફ, મેડિકલ અને નર્સિંગના વિદ્યાર્થીઓ સહિત આશરે **400** જેટલા સભ્યો જોડાયા હતા. તમામ સહભાગીઓએ **WAAW-2026** ના 'બ્લુ કલર કોડ' મુજબ બ્લુ કેપ પહેરીને ભાગ લીધો હતો. એન્ટિબાયોટિક્સના તર્કસંગત ઉપયોગની ચકાસણી માટે કુલ **610** પ્રિસ્ક્રિપ્શનનું ઓડિટ કરવામાં આવ્યું હતું.